| | | |
|---|---|---|
| દાખલ તારીખ | : | ૨૮–૦૧–૨૦૨૩ |
| રજીસ્ટર તારીખ | : | ૨૮–૦૧–૨૦૨૩ |
| ફેસલ તારીખ | : | ૦૮–૦૫–૨૦૨૩ |
| સમયગાળો | : | વર્ષ–માસ–દિવસ |

**FORM – A**

***IN THE COURT OF PRINCIPAL CIVIL JUDGE & JUDICIAL MAGISTRATE FIRST CLASS, VISAVADAR***

Present:

*Judicial Magistrate First Class, Visavadar*.

DATE OF JUGMENT: 08/05/2023

CRIMINAL CASE NO.188/2023

Visavadar Police Station FIR No.1120307022303/2022

| | |
|---|---|
| Complainant | The State of Gujarat |
| Represented by | Ld. A. P.P Shree A.J.THKKAR |
| Accused | (1) Rohitbhai Gopalbhai Bhatti,<br>Age about-25,<br>(2) Hasmukhbhai Bhachubhai Ashodariya,<br>Age about- 40,<br>(3) Milanbhai Gunubhai Kacha,<br>Age about- 33,<br>(4) Jiganeshbhai Rajubhai Solanki,<br>Age about- 24,<br>(5) Nileshbhai Dhirubhai Aankoliya,<br>Age about- 32, Farming,<br>(6) Hardikbhai Lalitbhai Suvagiya,<br>Age about- 25, Business,<br>Re- Vishavadar,<br>Tehsil-Visavadar,<br>District- Junagadh. |
| Represented by | Shri K.B.Joshi Advocate<br>for the accused. |

**FORM - B**

| | |
|---|---|
| Date of Offence | 26/07/2022 |

| | |
|---|---|
| Date of FIR | 26/07/2022 |
| Date of Charge-sheet | 28/01/2023 |
| Date of Charge framing | 11/04/2023 |
| Date of commencement of evidence | 27/04/2023 |
| Date on which Judgment is reserved -- | -- |
| Date of the Judgment | 08/05/2023 |
| Date of the Sentencing Order, if any | -- |

| Rank Name of the Accused | Name of the accused | Date of Arrest | Date of Release on bail | Offences charged with | Whether acquitted or convict | sentence imposed | Period of detention undergo |
|---|---|---|---|---|---|---|---|
| 1 | (1) Rohitbhai Gopalbhai Bhatti | ------------- | ------------- | Gambling-12 | acquitted | ------------ | ------------- |

**FORM – C**

**LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESSES**

**A. Prosecution**

| Rank | Ex. | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|---|
| PW-1 | 10 | રાકેશભાઇ બાઉવેદભાઇ ડોબરીયા | ફરિયાદી |
| PW-2 | 12 | જુમ્માભાઇ ઉદેદાદભાઇ બ્લોચ | પંચ સાહેદ |
| PW-3 | 14 | સુરેશભાઇ જગજીવનભાઇ સાદરાણી | પંચ સાહેદ |
| PW-4 | 16 | ભરતભાઇ વિરાભાઇ કરમટા | ત.ક.અમલદાર |

**B. Defence witnesses, if any:**

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| DW- | - | - |

**C. Court witnesses, if any:**

| Rank | Name | Nature of Evidence (Eye Witness, Police Witness, Expert Witness, Medical Witness, Panch Witness, Other Witness) |
|---|---|---|
| CW- | - | - |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

**A. Prosecution:**

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | | |
| 2 | 11 | ફરિયાદ |
| 3 | 13 | મુદ્દામાલ રીકવર પંચનામું |

**B. Defence witnesses, if any:**

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit D-1/CW 1 | -- |

**C. Court witnesses, if any:**

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit C-1/CW 1 | -- |

**D. Material Objects:**

| Sr.No. | Material Object Number | Description |
|---|---|---|
| 1 | MO- | -- |

**જ જ મે ન્ટ**

(૧) આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આરોપીઓએ ગઇ તા.૨૬/૭/૨૨ ના ક.૭–૩૦ વાગ્યે વિસાવદર ખજુરીયા નામે ઓળખાતી સીમમાં

ભઠ્ઠીમાં નદીના કાંઠે જાહેરમાં પૈસા પાના વડે તીનપતી રોન નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રોકડા રૂા. ૨૧૨૭૦/–, પાથરણૂ–૧, કિ. રૂા. ૦૦/– તથા ગંજીપતાના પાના નંગ–૫૨, કિ. રૂા. ૦૦/– ગણી કુલ રૂા. ૨૧૨૭૦/– ના મુદ્દામાલ સાથે પકડાઇ જઇ ગુનો આચરેલ. આમ, આ કામના આરોપીઓએ ઉપરોક્ત ગુનાહિત કૃત્ય કરેલ જે ગુનાની ફરિયાદીએ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ આપતાં, સદરહું ફરિયાદીની ફરિયાદ વિસાવદર પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા કલમ– ૧૨ મુજબનો ગુનો રજીસ્ટરે લીધેલ. તેમજ સદરહું ગુનાના કામે તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો હોય, અત્રેની અદાલત સમક્ષ આરોપીઓ વિરુદ્ધ ચાર્જશીટ દાખલ કરેલ છે.

(૨) આ કામે આરોપીઓને સમન્સ ઇશ્યું કરવામાં આવેલ તે સમન્સ આરોપીઓને બજી જતાં, તે આરોપીઓ તેના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થયેલ અને આરોપીઓને પોલીસ પેપર્સની નકલો ક્રિ.પ્રો.કોડની કલમ– ૨૦૭ અન્વયે વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીઓનું આંક–૦૬ થી આંક–૦૯ સુધી નિવેદનો નોંધતા, આરોપીઓએ પોતે ગુનો કબુલ ન હોવાનું જણાવતા હોય, આરોપીઓ વિરુદ્ધ કેસની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષ દ્વારા મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજૂ થયા બાદ વિ.પી.પી.શ્રી દ્વારા ફરિયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલ હોવાનું મૌખિક જાહેર કરેલ છે.

(૩.૧) આ કામે ફરિયાદ પક્ષે ઉપરોક્ત મૌખિક, દસ્તાવેજી પુરાવો પુરો થયા બાદ ક્રિ.પ્રો.કોડની કલમ– ૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીઓને તેમની વિરુદ્ધનો પુરાવો વાંચી, સંભળાવી, સમજાવતા આરોપીઓએ મુખ્યત્વે ફરિયાદીએ ખોટી ફરિયાદ હોવાનું, ખોટો પુરાવો હોવાનું અને પોલીસે ખોટી તપાસ કરી, ખોટુ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવે છે. તેમજ દરેક આરોપીઓને બચાવના

સાહેદો તપાસવા છે કે કેમ ? અને સોગંદ ઉપર જુબાની આપવા માંગે છે કે કેમ ? તે બાબતે પુછતાં આરોપીઓએ તેમના બચાવમાં સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં કાંઇ કહેવા માંગો છો તે અંગે આરોપીઓને પુછતા તેઓએ જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે, તેમની સામે ખોટી ફરિયાદ કરેલ છે.

(૪) આ કામે બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો સાંભળી.

(૫) આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ તથા બંન્ને પક્ષોના વિ.વ.શ્રીઓની મૌખિક દલીલો ધ્યાને લેતા, આ કેસના મારા ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

– **મુ દ્દા ઓ** –

(૧) શું ફરિયાદ પક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ જુગાર ધાકા કલમ–૧૨ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું આખરી હુકમ ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) "નકારમાં"

(૨) "આખરી હુકમ મુજબ"

– **કા ર ણો** –

**મુદ્દા નં. ૧** –

(૭) આ કામે મુદ્દા નં. ૧ પરત્વે બંન્ન પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો તથા ફરિયાદ પક્ષે રજૂ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા, આ કામે ફરિયાદ પક્ષે

આંક–૧૦ થી ફરિયાદી રાકેશભાઇ બાઉવેદભાઇ ડોબરીયાએ પોતાના પોતાના મૌખિક પુરાવામાં તેઓને મળેલ હકિકતના આધારે તેઓએ પંચોને બોલાવી, સમજ કરી બાતમીવાળી જગ્યાએ રેઇડ કરતા આરોપી મળી આવેલ અને જેની પાસેથી મુદ્ધામાલ કબજે કરેલ અને આરોપીઓ વિરુદ્ધ આપેલ આંક–૧૧ વાળી ફરિયાદ નોંધેલ અને આરોપીઓને ઓળખે છે. તેઓએ આ ગુનાની તપાસ એ.એસ.આઇ. બી.વ.કરમટાનાઓને આપેલ.

(૭.૧) આ કામે ફરિયાદીની ઉપરોક્ત સરતપાસની હકિકત અન્વયે બચાવ પક્ષના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદમાં પંચોના નામ જણાવેલ ન હતા, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં લોકોની અવર જવર રહે છે, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઇથી મળી શકે તેમ છે.

(૮) વધુમાં ફરિયાદ પક્ષે આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યા–મુદ્ધામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદ જુમાભાઇ ઉદેદાદભાઇ બ્લોચને આંક–૧૨ થી તથા આજ પંચનામાના અન્ય પંચ સાહેદ સુરેશભાઇ જગજીવનભાઇ સાદરાણીને આંક– ૧૪ થી સોગંદ ઉપર તપાસેલ છે, જેઓ પોતાની જુબાનીમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. તે સિવાય સદરહું પંચ સાહેદ ગુનાવાળી જગ્યા–મુદ્ધામાલ કબ્જે કર્યાના પંચનામાની કોઇ હકિકત તેઓ જાણતા નથી. સદરહું પંચ સાહેદએ આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યા–મુદ્ધામાલ કબ્જે કર્યાના પંચનામાની મહત્વની કોઇ હકિકતોને સમર્થન ન આપતાં, સદરહું પંચ સાહેદોને ફરિયાદ પક્ષના વિ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલ સાહેદ જાહેર કરી, તેને ઉલટ તપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવા છતાં, આ પંચ સાહેદોએ આંક–૧૩ વાળા ગુનાવાળી જગ્યા–મુદ્ધામાલ કબ્જે કર્યાના પંચનામાની કોઇ મહત્વની હકિકતને સમર્થન આપતો પુરાવો આપેલ નથી.

(૯) વિશેષમાં, ફરિયાદ પક્ષે આંક–૧૬ થી તપાસ કરનાર અમલદાર

ભરતભાઈ વિરાભાઈ કરમટાએ પોતાના પોતાના મૌખિક પુરાવામાં તેઓને મળેલ હકિકતના આધારે તેઓએ પંચોને બોલાવી, સમજ કરી બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા આરોપીઓ મળી આવેલ અને જેની પાસેથી મુદ્દામાલ કબજે કરેલ અને આરોપીઓ વિરુદ્ધની ફરિયાદની તપાસ તેઓને મળતા તેઓએ લાગતા વળગતા સાહેદોનો નિવેદનો લીધેલા અને તપાસના અંતે આરોપીઓ વિરુદ્ધ પુરતો પુરાવો જણાતા ચાર્જશીટ કરોનું જણાવેલ છે.

(૯.૧) આ કામે તપાસ કરનાર અમલદારની ઉપરોક્ત સરતપાસની હકિકત અન્વયે બચાવ પક્ષના વિ.વ.શ્રીએ કરેલ ઉલટ તપાસમાં એ હકિકતોનો સ્વીકાર કરેલ છે કે, ફરિયાદામાં પંચોના નામ જણાવેલ ન હતા, આ કામે ફરિયાદી તથા ત.ક.અમલદાર તેઓ પોતે જ છે, તેમણે તપાસ દરમિયાન કોઈ સ્વતંત્ર સાહેદોના જવાબ નોંધેલ નથી કે કહેવાતા બનાવ સ્થળની આજુબાજુના લોકોના પણ નિવેદન લીધેલ નથી, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાં લોકોની અવર જવર રહે છે, આ કામે પોલીસ સાહેદો સિવાય બીજા કોઈ સાહેદોના નિવેદનો લીધેલ નથી, બનાવવાળી જગ્યા જાહેર જગ્યા હોય ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ છે.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષ દ્વારા રજૂ મૌખિક દસ્તાવેજી પુરાવાની મુલવણી કરતાં, આ કામે ફરિયાદી/તપાસ કરનાર અધિકારીના ઉપરોક્ત પુરાવા મુજબ તેઓએ તપાસ દરમિયાન કોઈ સ્વતંત્ર સાહેદોના જવાબ નોંધેલ નથી કે, કહેવાતા બનાવ સ્થળની આજુબાજુના લોકોના પણ નિવેદનો નોંધેલ નથી, વધુમાં રેકર્ડ પરની હકિકત મુજબ બનાવવાળી જગ્યા જાહેર જગ્યા છે અને ત્યાંથી સ્વતંત્ર સાહેદો સહેલાઈથી મળી શકે તેમ હોવા છતા કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. તેમજ આ કામે તપાસવામાં આવેલ ગુનાવાળી જગ્યા-મુદ્દામાલ કબ્જે કર્યાના પંચનામાના પંચ સાહેદે પણ પંચનામાની હકિકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી. વિશેષમાં, આ કામના

આરોપીએ આ કામે પોલીસે કબ્જે કરેલ રોકડ રકમ અંગે કોઈ ક્લેઈમ કરવામાં આવેલ નથી. જેથી આ કામે પોલીસે મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબની રોકડ રકમ સરકારશ્રીમાં જમા કરવાનો હુકમ કરવામાં આવેશે તો તે વ્યાજબી અને ન્યાયોચીત જણાય છે. આમ, આ કામે ફરિયાદ પક્ષ આ કામના આરોપી ઉપર મુકેલ ગુનાના તહોમત પુરવાર કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. જેથી આ કામે ફરિયા પક્ષ આ કામના આરોપી વિરુદ્ધ જુગાર ધારા કલમ- ૧૨ મુજબના ગુનાના આવશ્યક તત્વો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાથી નિઃશંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી ઉપરોક્ત વિગતવારની ચર્ચાના અંતે **મુદ્દા નં. ૧** નો નિર્ણય "નકારમાં" ઠરાવવામાં આવે છે અને **મુદ્દા નં. ૨** પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## – <u>આ ખ રી હુ ક મ</u> –

**(૧)** આ કામના આરોપી નં. (૧) રોહીતભાઈ ગોપાલભાઈ ભટ્ટી, નં. (૨) હસમુખભાઈ બચુભાઈ આસોદરીયા, નં. (૩) મિલનભાઈ ગુણુભાઈ કાચા, નં. (૪) જીગ્નેશભાઈ રાજુભાઈ સોલંકી, નં. (૫) નિલેશભાઈ ધીરૂભાઈ આંકોલીયા, નં. (૬) હાર્દિકભાઈ લલીતભાઈ સુવાગીયાનાઓને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ- ૨૫૫ (૧) અન્વયે જુગાર ધારા કલમ- ૧૨ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ પાવતી મુજબની રોકડ રકમ અપીલ સમય વિત્યે શ્રી સરકાર જમા કરાવવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ મુદ્દામાલ પાવતીમાં જણાવ્યા મુજબનું જુગારને લગતું સાહિત્યનો નિયમોનુસાર અપીલ સમય વિત્યે ધારા-ધોરણસર યોગ્ય નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૩)** ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ- ૪૩૭ - એ અન્વયે દરેક આરોપીના

જામીન તથા જાત મુચરકા અપીલના સમય માટે લંબાવી આપવાનો હુકમ કરવામાં આવે છે. જો આરોપી પાસે જામીનદાર ઉપલબ્ધ ન હોય તો દરેક આરોપીએ અપીલના સમય માટે રૂા. ૫,૦૦૦/– ના નવા જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૦૮ મી માહે–મે, સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

વિસાવદર.
તા. ૦૮/૦૫/૨૦૨૩

( સૌમિત્ર સુબોધભાઇ ત્રિવેદી )
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,
વિસાવદર. જીજે૦૧૪૨૫